# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ:૨૦૨૦ની પૃષ્ઠભૂમિ અને પરિચય

**અજય ભરતભાઈ રાવલ**

આસિસ્ટન્ટ પ્રોફેસર, એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર. મો. ૯૭૨૩૧૩૨૮૯૨, E–mail: ajajayravala@gmail.com

આપણા માનનીય વડાપ્રધાનશ્રી કહે છે કે ૨૧મી સદીએ ભારતની સદી છે અને આ ભારતના જ્ઞાનની સદી છે. પણ આવું કઈ રીતે થશે કે ૨૧મી સદી ભારતની સદી કહેવાય. આના માટેની રણનીતિ તેમજ નીતિવિષયક પગલાઓ આપણને હવે સમજાય છે. ભારતની સદી હોવું આનો અર્થ છે કે ભારતની ભવ્યતા અને દિવ્યતાને વિશ્વના ખૂણે–ખૂણે પહોંચાડવી અને તેની વૈજ્ઞાનિકતાને આધુનિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવું તે. આ માટેની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ ખૂબ જ સચોટ અને સ્પષ્ટ વિઝન રજૂ કરતી જણાય છે. ભારતની અસ્મિતાને ઉજાગર કરતી આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ એ ઉપરોક્ત વિઝનને માટેની રણનીતિ પૂરી પાડતી હોય તેવું જણાય છે. ખરા અર્થમાં શૈક્ષણિક ક્રાંતિની શરૂઆતના અણસાર અનુભવાય છે. આ નીતિની ઘણી બાબતો ખૂબ જ જરૂરી અને અસરકારક છે પરંતુ તેના અમલીકરણ માટે ભારતના તમામ શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલ લોકોએ, વિદ્વદ્ જનોએ તેમજ જન–સામાન્ય/ નાગરિકોએ માનસિક સજ્જતા કેળવવાની જરૂર છે અને માનસિક સજ્જતા કેળવવા માટે સૌપ્રથમ આ નીતિની બાબતમાં  જાગૃત થવાની જરૂર પડે છે. આ અભ્યાસ–લેખ આ સંદર્ભમાં રચાનાર લેખમાળાનો પ્રથમ મણકો છે કે જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ની પરિચયાત્મક સમજ મેળવવામાં ઉપયોગી બનશે. આ અભ્યાસ–લેખના રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના આધાર તરીકે ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય કે જેનું નામ હવે બદલાઈને શિક્ષણ મંત્રાલય થયું છે તેની વેબસાઈટ ઉપર મુકેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના હિન્દી અને અંગ્રેજી ભાષાના દસ્તાવેજનો ઉપયોગ કરવામાં આવેલ છે.

## પૃષ્ઠભૂમિ

૨૦૨૦માં આવેલ રાષ્ટ્રીય શિક્ષણનીતિને સમજતાં પહેલાં આપણે આ અગાઉ ભારતની શિક્ષણ પ્રણાલીને અસર કરતાં જુદાં–જુદાં કમિશન અને શિક્ષણનીતિની વાત અહીં કરીશું. ભારતની આઝાદી પહેલાં પણ અંગ્રેજ સરકાર દ્વારા ભારતીય શિક્ષણના અંગ્રેજીકરણ તેમજ વિસ્તરણ માટે જુદાં–જુદાં કમિશનની ભલામણોને ધ્યાનમાં લેવામાં આવી હતી, એટલું જ નહીં પણ ભારતીય શિક્ષણ પ્રણાલીને જડમૂળથી નાબૂદ કરીને વિદેશી પદ્ધતિનું શિક્ષણ જ શ્રેષ્ઠ છે તેવું સાબિત કરી ભારતીયોને તેમની શિક્ષણપ્રણાલી તરફ હિનભાવના પેદા થાય તે માટેની યોજના બનાવવામાં આવી. આ બાબતમાં તે સમયના મેકોલેએ પોતાની મહત્ત્વની

ભૂમિકા ભજવી. એની શિક્ષણ પ્રણાલીના સંદર્ભમાં તેનું કથન છે કે જે ઉપરોક્ત વાતનું સમર્થન કરે છે. તે કહે છે કે, ‘‘એક એવો ભારતીય સમૂહ ઊભો થશે જે લોહી અને વર્ણથી ભારતીય હશે પરંતુ ચિંતન અને બુદ્ધિ પ્રતિભાની દૃષ્ટિએ પાશ્ચાત્ય મૂલ્યો ધરાવતો હશે.’’
ભારતની આઝાદી બાદ પણ મેકોલની શિક્ષણ પ્રણાલીને દૂર કરી ભારતીય દૃષ્ટિકોણ મુજબ શિક્ષણ વ્યવસ્થાઓ ગોઠવવા માટે ઘણીબધી ચર્ચાઓ થતી રહી પરંતુ તે દિશામાં કોઈ નક્કર પગલાંઓ લેવાયા હોય તેવું ધ્યાને નથી. અલબત્ત ભારતમાં કેટલાંક સ્થળે ખાનગી ધોરણે આ પ્રકારના ગુરુકુળો થકી તે પ્રાચીન શિક્ષણની પરંપરાને જાળવી રાખવાના ઉદાહરણો તો જોવા મળે છે પરંતુ વ્યાપક ધોરણે તો આવું જોવા મળતું નથી.
ત્યારબાદ પણ ભારતમાં શિક્ષણ ક્ષેત્રે ઘણા બધા ફેરફારો આવ્યા. ડૉ. જિજ્ઞાસા જોષી મુજબ આ સુધારા અથવા ફેરફારોને તેના કાળખંડ મુજબ આપણે બે વિભાગમાં જોઈ શકાય છે: (૧) સ્વાતંત્ર્યોત્તર ભારતમાં શિક્ષણપંચો[1] (૨) સ્વતંત્ર ભારતમાં શિક્ષણપંચ

(૧) સ્વાતંત્ર્યોત્તર ભારતમાં શિક્ષણપંચો

a) વૂડનો ખરીતો–૧૮૫૪
b) હન્ટર કમિશન (ભારતીય શિક્ષણ પંચ)–૧૮૮૨–’૮૩
c) ભારતીય વિશ્વવિદ્યાલય– ૧૯૦૨
d) કલકત્તા યુનિવર્સિટી પંચ–૧૯૧૭–’૧૯
e) હાર્ટોગ કમિટિ– ૧૯૨૭–’૨૯
f) વર્ધા શિક્ષણ સમિતિ–૧૯૩૭

(૨) સ્વતંત્ર ભારતમાં શિક્ષણપંચ

a) યુદ્ધોત્તર શિક્ષણ વિકાસ યોજના: ૧૯૪૮
b) યુનિવર્સિટી શિક્ષણપંચ: ૧૯૪૮–’૪૯
c) માધ્યમિક શિક્ષણ કમિશન: ૧૯૫૨–’૫૩
d) રાષ્ટ્રીય શિક્ષણ કમિશન: ૧૯૬૪–’૬૬
e) ઈશ્વરભાઈ પટેલ સમિતિ: ૧૯૭૭
f) શિક્ષણની રાષ્ટ્રીય નીતિ: ૧૯૭૯

આ બધા પંચ(કમિશન)ની ભલામણો અને ચિંતનના પરિણામ સ્વરૂપે આપણને આજની શિક્ષણ વ્યવસ્થા જોવા મળે છે. વર્તમાનમાં જોવા મળતી શિક્ષણ વ્યવસ્થા ઉપર સૌથી વધુ અસર સ્વતંત્ર ભારતમાં રચાયેલ યુનિવર્સિટી શિક્ષણપંચ(૧૯૪૮–’૪૯), માધ્યમિક શિક્ષણ કમિશન (૧૯૫૨–’૫૩) અને રાષ્ટ્રીય શિક્ષણ કમિશન (૧૯૬૪–’૬૬)ની ભલામણોને આધારે રચાયેલ રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૧૯૮૬ અને રાષ્ટ્રીય શિક્ષણનીતિની સમીક્ષા–૧૯૯૨ની જોવા મળે છે. યુનિવર્સિટી શિક્ષણપંચ(૧૯૪૮–’૪૯), માધ્યમિક

શિક્ષણ કમિશન (૧૯૫૨–'૫૩), રાષ્ટ્રીય શિક્ષણ કમિશન (૧૯૬૪–'૬૬), રાષ્ટ્રીયશિક્ષણનીતિ–૧૯૮૬ અને રાષ્ટ્રીય શિક્ષણનીતિની સમીક્ષા–૧૯૯૨નો પ્રાથમિક પરિચય મેળવીશું જેથી આપણને ખ્યાલ આવે કે ૨૦૨૦ની રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં તેના કયા બિંદુઓ પ્રતિબિંબિત થાય છે અને કઈ રીતે આ નીતિ અન્ય કરતાં અલગ પડે છે.

**યુનિવર્સિટી શિક્ષણપંચ(૧૯૪૮–'૪૯)**

સ્વતંત્ર ભારતનું આ પ્રથમ શિક્ષણને સમર્પિત પંચ છે. ભારતની આઝાદી પછી તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની અધ્યક્ષતામાં ૪ નવે., ૧૯૪૮માં આ પંચની રચના કરવામાં આવી હતી. આ કમિશનનું મુખ્ય લક્ષ્ય ભારતમાં યુનિવર્સિટી વિષયક અભ્યાસ કરી [2]ઉચ્ચ શિક્ષણની જરૂરિયાત અને ગુણવત્તા વિશેનો અહેવાલ સરકારને સોંપવાનું હતું. આ પંચના અધ્યક્ષ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન હતા માટે આ પંચને ''રાધાકૃષ્ણન પંચ'' અથવા યુનિવર્સિટી શિક્ષણનો સઘન અભ્યાસ કર્યો હોવાથી ''યુનિવર્સિટી શિક્ષણપંચ'' પણ કહેવામાં આવે છે. પંચે ભારતની ઉચ્ચતર શિક્ષણ વ્યવસ્થાનો સઘન અભ્યાસ કરીને ૨૫ ઓગસ્ટ,૧૯૪૯ના રોજ ૧૮ ચેપ્ટર અને ૭૪૭ પાનાનો અહેવાલ સરકારને સોંપ્યો. આ પંચની ઘણી બધી ભલામણોને આધારે ભારતીય ઉચ્ચતર શિક્ષણમાં ઘણા બધા ફેરફારો આવ્યા.

**માધ્યમિક શિક્ષણ કમિશન (૧૯૫૨–'૫૩)**

ભારતની તત્કાલીન પરિસ્થિતિ મુજબ અગાઉ રાધાકૃષ્ણન પંચે યુનિવર્સિટી વિષયક ભારતની સ્થિતિનો તાગ મેળવવા પ્રયત્ન કરી અભ્યાસ કરી પોતાનો અહેવાલ આપ્યો હતો પરંતુ હજુ સુધી શાળાકીય શિક્ષણ માટે આ મુજબના અભ્યાસની અપેક્ષા હતી અને માટે જ મદ્રાસ યુનિવર્સિટીના તે સમયના ઉપકુલપતિ ડૉ. એ. લક્ષ્મણ સ્વામી મુદ્દલિયારની અધ્યક્ષતામાં ૨૩ સપ્ટે., ૧૯૫૨માં કમિશનની રચના કરવામાં આવી હતી. આ કમિશનનું મુખ્ય લક્ષ્ય માધ્યમિક શિક્ષણમાં ગુણાત્મક સુધારા અંગે અહેવાલની રજૂઆત પૂરતું સીમાંકિત હતું. આ કમિશનના અધ્યક્ષ ડૉ. એ. લક્ષ્મણ સ્વામી મુદ્દલિયાર હતા માટે આ કમિશનને ''મુદ્દલિયાર કમિશન'' અથવા માધ્યમિક શિક્ષણનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હોવાથી ''માધ્યમિક શિક્ષણ કમિશન'' પણ કહેવામાં આવે છે. પોતાના લક્ષ્ય મુજબ ભારતની માધ્યમિક શિક્ષણની સ્થિતિનો અભ્યાસ કરી કમિશને ૨૭ ઓગસ્ટ,૧૯૫૩ના રોજ ૧૪ ચેપ્ટર અને ૨૫૫ પાનાનો અહેવાલ સરકારને સોંપ્યો. આ કમિશનની ઘણી બધી ભલામણોને આધારે ભારતીય માધ્યમિક શિક્ષણમાં ધરમૂળથી ફેરફારો આવ્યા.

**રાષ્ટ્રીય શિક્ષણ કમિશન (૧૯૬૪–'૬૬)**

ભારતની સમગ્ર શિક્ષણ વ્યવસ્થાનો રાષ્ટ્રીય દૃષ્ટિકોણમાં અભ્યાસ આ કમિશન દ્વારા થયો. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ(UGC)ના તત્કાલીન અધ્યક્ષ ડૉ. દોલતસિંહ કોઠારીની

અધ્યક્ષતામાં ૧૪ જુલાઈ, ૧૯૬૪માં કમિશનની રચના કરવામાં આવી હતી. આ કમિશનનું મુખ્ય લક્ષ્ય રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં સાંપ્રત સમયની જરૂરિયાત મુજબ ગુણાત્મક સુધારા અંગે ભલામણ કરવા અંગે હતું. આ કમિશનના અધ્યક્ષ ડૉ. દોલતસિંહ કોઠારી હતા માટે આ કમિશનને ‘‘કોઠારી કમિશન’’ અથવા રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં શિક્ષણનો અભ્યાસ કર્યો હોવાથી ‘‘રાષ્ટ્રીય શિક્ષણ કમિશન’’ પણ કહેવામાં આવે છે. આ કમિશને ૨૦ જૂન,૧૯૬૬ના રોજ ૪ વિભાગ, ૧૯ ચેપ્ટર અને ૬૭૩ પાનાનો અહેવાલ સરકારને સોંપ્યો. આ પંચની ભલામણોને આધારે ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ઘણા ફેરફારો આવ્યા અને આ કમિશનની ભલામણોની અસર ૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણનીતિ ઉપર પણ ઘણી જોવા મળે છે.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૧૯૮૬**

ભારતની સૌપ્રથમ રાષ્ટ્રીય શિક્ષણનીતિ કોઠારી કમિશનની ભલામણો મુજબ ૧૯૬૮માં અમલમાં આવી અને ત્યારબાદ મે, ૧૯૮૬માં રાષ્ટ્રીય શિક્ષણનીતિ અમલમાં આવી જેને શરૂઆતમાં ‘નવી શિક્ષણનીતિ’ કહેવાતી. આપણી અત્યારની શિક્ષણ વ્યવસ્થા કે પ્રણાલી એ આ શિક્ષણનીતિની દેન છે. આ નીતિને આધારે ત્રિ–ભાષા સૂત્ર, ૧૦+૨નું શાળાકીય શિક્ષણનું માળખું, શિક્ષક શિક્ષણ વગેરે બાબતો અસ્તિત્વમાં આવી અથવા તેના ઉપર વિશેષ ભાર મુકવામાં આવ્યો.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિની સમીક્ષા–૧૯૯૨**

૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણનીતિની સમીક્ષા માટે ૭મી મે, ૧૯૯૦ના રોજ બિહારના જાણીતા સર્વોદય કાર્યકર અને શિક્ષણશાસ્ત્રી શ્રી રામમૂર્તિની અધ્યક્ષતામાં સમીક્ષા સમિતિનું ગઠન કરવામાં આવ્યું. આ સમિતિએ ૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણનીતિની સમીક્ષા કરી ડિસેમ્બર,૧૯૯૨માં પોતાનો અહેવાલ સરકારને આપ્યો. આ સમીક્ષા સમિતિ મુજબ સુધારેલ નીતિ–૧૯૯૨ના મુખ્ય મુદ્દાઓમાં સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના ફેલાવા માટે DIETની રચના તેમજ NCERT, SCERT એ શિક્ષણ અને પાઠ્યપુસ્તક ગુણવત્તા સુધારણા માટે માર્ગદર્શન આપવું–નો સમાવેશ થાય છે.

આટલા કમિશન તેમજ શિક્ષણનીતિના આવ્યા બાદ છેક ૨૦૦૯માં શિક્ષણક્ષેત્રે એક ફેરફાર આવ્યો તે સિવાય અંતિમ રાષ્ટ્રીય શિક્ષણ–૧૯૮૬/૯૨ મુજબની ભલામણો અનુસાર શિક્ષણક્ષેત્રે કામ થતું રહ્યું. બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા માટે વર્ષ ૨૦૦૯માં આ કાયદો ઘડવામાં આવ્યો જે ૧ એપ્રિલ, ૨૦૧૦થી સર્વત્ર ભારતમાં લાગુ પાડવામાં આવ્યો. આ કાયદા મુજબ જે બાળકોની ઉંમર ૬ થી ૧૪ વર્ષની હોય તેઓને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો અધિકાર આપવામાં આવે છે.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ નિર્માણની પ્રક્રિયા અને પરિચય**

અત્યારે અસ્તિત્વમાં આવેલ રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ના નિર્માણની પ્રક્રિયાની શરૂઆત વર્ષ ૨૦૧૫માં થઈ ગઈ હતી. તે સમયે જ્યારે માનવ સંસાધન વિકાસ મંત્રી શ્રી

સ્મૃતિ ઈરાની હતા ત્યારે ટી. એસ. આર સુબ્રહ્મણ્યમની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ માટે સમિતિનું ગઠન થયું. આ સમિતિએ ૩૦ એપ્રિલ, ૨૦૧૬ના રોજ પોતાનો કુલ ૯ પ્રકરણોમાં વિભાજિત ૨૧૭ પાનાનો અહેવાલ[3] સરકારને આપ્યો. કોઈક કારણસર સરકારે આ અહેવાલને આધારે નવી શિક્ષણનીતિ ન બની અને અન્ય સમિતિનું ગઠન થયું. માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા જૂન, ૨૦૧૭માં ઈસરોના પૂર્વ અધ્યક્ષ, પદ્મ વિભૂષણ ડૉ. કે. કસ્તૂરીરંગનની અધ્યક્ષતામાં સમિતિનું ગઠન થયું અને આ સમિતિને નવી શિક્ષણનીતિ નિર્માણ માટેનું કામ સોંપવામાં આવ્યું. આ સમિતિ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૧૯નો ડ્રાફ્ટ ૧૫ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ સરકારને સુપરત કરવામાં આવ્યો. આ સમિતિએ આપેલ રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૧૯નો ડ્રાફ્ટ મુખ્યત્વે ૫ ચેપ્ટરમાં ૪૭૭ પાનામાં વિભાજિત હતો.આ ડ્રાફ્ટ ઉપર લગભગ ૨ લાખથી વધુ સૂચનો ભારતભરમાંથી મંગાવવામાં આવ્યા હતા.  ૨૯ જુલાઈ, ૨૦૨૦ના રોજ ભારતની કેન્દ્ર સરકારની કેબિનેટે આ રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ને ભારતના ભાવિ ઘડતર માટે જાહેર કરી.[4] આ સમિતિની પ્રાથમિક આ મુજબ છે:

**અધ્યક્ષ:** ડૉ. કે. કસ્તૂરીરંગન

**સભ્યોઃ** વસુધા કામત, મંજુલ ભાર્ગવ, રામશંકર કુરીલ, ટી.વી. કટ્ટિમની, કૃષ્ણમોહન ત્રિપાઠી, મઝહર આસિફ, એમ.કે. શ્રીધર

**સચિવ:** શકીલા ટી. શમ્સુ

રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ ઘણી બધી બાબતોમાં વિશિષ્ટ છે. લગભગ ૩૪ વર્ષ પછી ભારતે પોતાની રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦માં ઘડી છે. ભારતીય દષ્ટિકોણ મુજબ રચાયેલ લગભગ આ પ્રથમ શિક્ષણનીતિ છે, જેમાં ભારતીય મૂળને પકડી રાખી વૈશ્વિક દષ્ટિકોણ અપનાવવામાં આવ્યો છે. ભારતની આ શિક્ષણનીતિ ૨૧મી સદીમાં બે દાયકા બાદ ઘડાયેલ શિક્ષણનીતિ છે.

આ શિક્ષણનીતિથી ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ઘણા બધા ફેરફારોની અપેક્ષા સેવવામાં આવી રહી છે. આ નીતિની ઘોષણા પછીથી સૌથી મોટો ફેરફાર ભારતમાં તે નોંધાયો છે કે ‘‘માનવ સંસાધન વિકાસ મંત્રાલય’’નું નામ બદલીને ‘‘શિક્ષણ મંત્રાલય’’ કરી દેવામાં આવ્યું છે. આ મંત્રાલયની વેબસાઈટ ઉપર મુકેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના દસ્તાવેજ મુજબ અંગ્રેજી ભાષામાં મુકેલ નીતિમાં કુલ ૬૬ પાના છે જ્યારે હિન્દી ભાષામાં મુકેલ નીતિમાં ૧૦૮ પાના છે.

**પ્રકરણીકરણ:** રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ પરિચય અને ટૂંકાક્ષરો ઉપરાંત મુખ્ય ચાર વિભાગો અને કુલ ૨૭ પ્રકરણોમાં વિભાજિત છે.

તે મુખ્ય ચાર ભાગો ક્રમશઃ વિભાગ:૧–શાળાકીય શિક્ષણ, વિભાગ:૨– ઉચ્ચતર શિક્ષણ, વિભાગ:૩– અન્ય કેન્દ્રીય વિચારણીય મુદ્દાઓ અને વિભાગ:૪– અમલીકરણની રણનીતિ છે. દરેક વિભાગમાં આવતા પ્રકરણોની સંખ્યા અને નામની વિગત નીચે મુજબ છે.

**પરિચય:** આ વિભાગની અંદર પ્રસ્તાવના, પાછળની નીતિઓ કે જેનો આધાર લેવામાં આવ્યો છે તે, પાયાના સિદ્ધાંતો અને વિઝનનો સમાવેશ થાય છે.

**વિભાગ:૧–શાળાકીય શિક્ષણ**

પહેલો વિભાગ શાળાકીય શિક્ષણને સમર્પિત છે. આ વિભાગમાં કુલ ૮ પ્રકરણો જોવા મળે છે જેના નામ નીચે મુજબ છે:

૧.૧ ECCE: શીખવાનો પાયો

૧.૨ બુનિયાદી સાક્ષરતા અને સંખ્યા જ્ઞાન: શીખવા માટેની પૂર્વશરત અને જરૂરિયાત

૧.૩ ડ્રોપાઆઉટ દર ઘટાડવો અને બધા સ્તર ઉપર શિક્ષણની સાર્વભૌમિક પહોંચ વધારવી

૧.૪ શાળામાં પાઠ્યક્રમ અને પદ્ધતિઓ: અધ્યયન સર્વાંગી, એકીકૃત, આનંદદાયક અને રુચિકર હોવું જોઈએ.

૧.૫ શિક્ષક

૧.૬ સામ્યતાવાદી અને સમાવેશી શિક્ષણ: સૌ માટે અધ્યયન

૧.૭ શાળા કોમ્પ્લેક્ષ/ક્લસ્ટરના માધ્યમથી કુશળ સંસાધન અને પ્રભાવી શાસન (ગવર્નન્સ)

૧.૮ શાળાકીય શિક્ષણ માટે માપદંડ નિર્ધારણ અને એક્રિડિટેશન

**વિભાગ:૨– ઉચ્ચતર શિક્ષણ**

બીજો વિભાગ ઉચ્ચતર શિક્ષણને સમર્પિત છે. આ વિભાગમાં કુલ ૧૧ પ્રકરણો જોવા મળે છે જેના નામ નીચે મુજબ છે:

૨.૧ ગુણવત્તાસભર યુનિવર્સિટી અને કૉલેજો: ભારતીય ઉચ્ચ શિક્ષણ પ્રણાલી માટે નવો અને ભવિષ્યોન્મુખી દૃષ્ટિકોણ

૨.૨ સંસ્થાગત પુનર્ગઠન અને એકીકરણ

૨.૩ સર્વાંગી અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ તરફ

૨.૪ વિદ્યાર્થીઓને સહયોગ અને શીખવા માટે અનુકૂળતમ વાતાવરણ

૨.૫ પ્રેરિત, સક્રિય અને સક્ષમ અધ્યાપક

૨.૬ ઉચ્ચતર શિક્ષણમાં સમતા અને સમાવેશીપણું

૨.૭ શિક્ષક–શિક્ષણ

૨.૮ વ્યાવસાયિક શિક્ષણની નવીન કલ્પના

૨.૯ NRF(નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન)ના માધ્યમથી તમામ ક્ષેત્રોમાં શૈક્ષણિક સંશોધનને પ્રોત્સાહિત કરવું

૨.૧૦ ઉચ્ચતર શિક્ષણની સંચાલન પ્રણાલીમાં ધરમૂળથી ફેરફાર

૨.૧૧ ઉચ્ચતર શિક્ષણ સંસ્થાનો માટે પ્રભાવી શાસન અને નેતૃત્વ

**વિભાગ:૩– અન્ય કેન્દ્રીય વિચારણીય મુદ્દાઓ**

ત્રીજો વિભાગ અન્ય કેન્દ્રીય તેમજ વિચારણીય મુદ્દાઓની ચર્ચા કરે છે. આ વિભાગમાં કુલ ૫ પ્રકરણો જોવા મળે છે જેના નામ નીચે મુજબ છે:

૩.૧ પ્રોફેશનલ શિક્ષણ

૩.૨ પ્રૌઢ શિક્ષણ અને જીવનપર્યંત શિક્ષણ

૩.૩ ભારતીય ભાષા, કળા અને સંસ્કૃતિનું પ્રોત્સાહન

૩.૪ ટેક્નોલોજીનો ઉપયોગ અને એકીકરણ

૩.૫ ઓનલાઈન અને ડિજિટલ શિક્ષણઃ ટેક્નોલોજીનો ન્યાયસંમત ઉપયોગ કરવો.

**વિભાગ:૪– અમલીકરણની રણનીતિ**

નીતિનો ચોથો વિભાગ નીતિના અમલીકરણની વાત કરે છે. આ વિભાગમાં કુલ ૩ પ્રકરણો જોવા મળે છે જેના નામ નીચે મુજબ છે:

૪.૧ કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડનું સશક્તિકરણ (સેંટ્રલ એડવાઈઝરી બૉર્ડ ઑફ એજ્યુકેશન)

૪.૨ નાણાકીય પોષણ: ગુણવત્તાસભર અને સૌને પોષાય તેવું શિક્ષણ

૪.૩ અમલીકરણ

**ટૂંકાક્ષરો:** આ વિભાગ નીતિમાં ઉપયોગમાં લીધેલ ટૂંકાક્ષરોનું પૂરું નામ જણાવે છે.

**ઉપસંહાર**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ ૨૧મી સદીમાં ભારતીય શિક્ષણની દિશા અને દશા બદલવામાં સક્ષમ છે. આ ભારતમાં શૈક્ષણિક ક્રાંતિનો સમય જણાઈ રહ્યો છે. જે મુજબની વાત ૨૦૨૦ની નીતિ કરી રહી છે તે મુજબનું અમલીકરણ થાય તો દિવ્ય અને ભવ્ય ભારતની સંકલ્પના ખૂબ ઝડપથી સાકાર કરી શકાશે. આ અભ્યાસ–લેખ માત્ર રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ની પૃષ્ઠભૂમિ રજૂ કરી તેનો પરિચય આપવાનો એક નમ્ર પ્રયાસ છે.

**સંદર્ભસૂચિ**

જોષી, જિજ્ઞાસા (૨૦૧૩), *ભારતમાં શૈક્ષણિક પ્રણાલીનો વિકાસ,* અક્ષર પબ્લિકેશન, અમદાવાદ, પૃ.૬૭

[1] એજન, પૃ.૧૬૪

[1] એજન.

[1] એજન, પૃ.૧૦૯–૧૧૦

[1] એજન, પૃ.૧૨૪–૧૨૫

[1] એજન, પૃ.૧૩૮–૧૩૯

[1] એજન, પૃ. ૧૬૫–૧૬૬

[1] એજન, પૃ.૨૧૭,૨૩૨